RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 173 * Date: 13.04.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સાળંગપુરમાં ઉજવાયો ગુજરાતનો સૌથી મોટો હનુમાન જન્મોત્સવ, મંદિર પરિસર ભક્તોની ચિક્કાર ભીડથી ઉભરાયું







સાળંગપુરધામમાં શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તારીખ ૧૧ અને ૧૨ એપ્રિલ-૨૦૨૫ને શુક્રવાર-શનિવારના રોજ દાદાના દરબારમાં શ્રીહનુમાન જયંતી મહોત્સવ ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ હતી. આજે સવારે મંગળા આરતી સમયે લાખો ભક્તો મંદિર પરિસરમાં ઉમટ્યા હતા અને ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. ત્યારબાદ શણગાર આરતી કરવામાં આવી હતી જેમાં પણ લાખો ભક્તો દાદાની આરતીનો અનેરો લ્હાવો લીધો હતો. આ દરમિયાન હનુમાનજીએ સુવર્ણ વાઘામાં ભક્તોને દર્શન આપ્યા હતા. મહત્વનું છે કે હનુમાન જયંતીના દિવસે સાળંગપુર હનુમાનજી મંદિરે કષ્ટભંજન દેવ દાદાના દર્શને ૭થી ૧૦ લાખ ભક્તો ઉમટ્યા હતા.આ દરમ્યાનમાં સવારે ૭ વાગ્યે સમુહ મારૂતી યજ્ઞનું પણ આયોજન કરાયું હતું. ૧૨ તારીખે એટલે કે, આજે હનુમાન જયંતીના દિવસે દાદાના દરબારમાં સમૂહ મારુતી યજ્ઞ યોજાયો હતો. જેમાં વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી દ્વારા બપોરે ૧૨:૦૦ કલાકે યજ્ઞમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતી કરવામાં આવી હતી. સંતો અને ૧ હજારથી વધુ હરિભક્તો યજ્ઞમાં બેસવાનો લાભ લીધો હતો. દેશના વિવિધ પ્રાંતમાંથી આવેલા ૫૦થી વધુ બ્રાહ્મણો આ યજ્ઞ કરાવ્યો હતો. મંદિરની યજ્ઞશાળામાં શ્રી હનુમત્ બીજમંત્ર અનુષ્ઠાન,વેદ અનુષ્ઠાન,પંચમુખી સમૂહ મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન જયંતિના પાવન પ્રસંગે તારીખ ૧૧મીએ સવારે ૭.૩૦ કલાકે રાજોપચાર પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૮ કિલો પુષ્પોથી કષ્ટભંજનદેવનો ભવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. બપોરે ૪ કલાકે કળશ યાત્રા યોજાઈ હતી. જેમાં ૪ હાથીની સવારી ઉપર ઠાકોરજી બિરાજમાન થયા હતા. હજારો બહેનો ભક્તો દાદા માટે અભિષેકનું જળ મસ્તક પર ધારણ કર્યું હતું. ૨૫૧ પુરૂષ-મહિલા ભક્તો સાફા ધારણ કરીને દાદાને રાજી કર્યા હતા. ૧૦૮ બાળકો દાદાના વિજયી ધ્વજને લહેરાવ્યો હતો. આ તકે આફ્રિકન સીદી ડાન્સ જબરદસ્ત આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત ડી. જે. નાસિક ઢોલ, બેન્ડવાજા વગેરે સંગીતની ટીમો ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ તકે ૨૫૧ કિલો પુષ્પ અને ૨૫,૦૦૦ ચોકલેટો સંતો દ્વારા દર્શનાર્થીઓને વધાવવામાં આવ્યા હતા. ૧૧ એપ્રિલ શુક્રવારે રાત્રે સાંજે ૭ કલાકે મહાસંધ્યા આરતી યોજાયો હતો. જેમાં હજારો દિવડાઓ દ્વારા સામુહિક કષ્ટભંજનદેવની સંતો-ભક્તો દ્વારા સામુહિક આરતી કરવામાં રાત્રે ૯.૩૦ કલાકે કિંગ ઓફ સાળંગપુરની સમૂહ આરતી યોજાઈ હતી. જેમાં હજારો દિવડાઓથી કિંગ ઓફ સાળંગપુરની સંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં આરતી થઇ હતી અને ઐતિહાસિક આતશબાજીથી દાદાનું સ્વાગત કર્યું હતું.

સાળંગપુરમાં આ હનુમાન જન્મોત્સવની ઉજવણીના માઈક્રો મેનેજમેન્ટ માટે ૩૦૦૦ હજારથી વધુ સવ્યંસેવકો ભોજનાલય, મંદિર પરિસર અને પાર્કિંગ સહિતના ૨૫ અલગ-અલગ વિભાગોમાં ખડેપગે રહ્યા હતા.

# નેશનલ હેરાલ્ડ કેસમાં EDની કાર્યવાહી: કરોડોની સંપત્તિ કબજે કરાશે, નોટિસ જાહેર




નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મોટી કાર્યવાહી કરી છે. ED એ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડની જોડાયેલી મિલકતોનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ૧૧ એપ્રિલ, ૨૦૨૫ના દિવસે ED એ દિલ્હી, મુંબઈ અને લખનૌના પ્રોપર્ટી રજિસ્ટ્રારને નોટિસ મોકલી છે. આ ઉપરાંત, મુંબઈના હેરાલ્ડ હાઉસ ખાતે જિંદાલ સાઉથ વેસ્ટ પ્રોજેક્ટ્સ લિમિટેડને પણ નોટિસ મોકલવામાં આવી છે, જે તે બિલ્ડિંગના ૭માં, ૮માં અને ૯માં માળે ભાડે છે. હવે તેમણે દર મહિનાનું ભાડું ED ને જમા કરાવવાનું રહેશે.

EDની તપાસમાં જાણવા મળ્યું કે, આ કેસમાં લગભગ ૯૮૮ કરોડ રૂપિયાનું કાળું નાણું કમાયું હતું. જેના કારણે ૨૦ નવેમ્બર, ૨૦૨૩ ના દિવસે સંપત્તિ અને શેર જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત લગભગ ૭૫૧ કરોડ રૂપિયા છે. આ કાર્યવાહી હવે ૧૦ એપ્રિલના દિવસે કોર્ટ દ્વારા મંજૂર થઈ ગઈ છે. નવેમ્બર ૨૦૨૩ માં, ઈડીએ દિલ્હી, મુંબઈ અને લખનૌમાં ૬૬૧ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતો તેમજ ૯૦.૨ કરોડ રૂપિયાના છ્જ્ઞ્ન શેરને કામચલાઉ રીતે જપ્ત કર્યા હતા.

સમગ્ર મામલો ડૉ. સુબ્રમણ્યમ સ્વામીની ફરિયાદથી શરૂ થયો હતો, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને તેમના સહયોગીઓએ માત્ર ૫૦ લાખ રૂપિયા આપીને છ્જ્ઞ્નની ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકત હડપ કરી લીધી હતી. જ્યારે આ મામલાની તપાસ કરવામાં આવી ત્યારે એ પણ બહાર આવ્યું કે નકલી દાન, ખોટા ભાડા અને નકલી જાહેરાતો દ્વારા ૮૫ કરોડ રૂપિયાથી વધુની રકમ પણ ઉચાપત કરવામાં આવી હતી. હવે ઈડીએ આ મિલકતોનો કબજો લેવા માટે નોટિસો મોકલી છે અને તેનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છેઆ મની લોન્ડરિંગ કેસ છ્જ્ઞ્ન અને યંગ ઈન્ડિયન સાથે સંબંધિત છે. જે નેશનલ હેરાલ્ડ છ્જ્ઞ્ન દ્વારા પ્રકાશિત થાય છે અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડની માલિકી ધરાવે છે. કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી યંગ ઈન્ડિયનના બહુમતી શેરધારકો છે, જેમની પાસે પ્રત્યેક ૩૮ ટકા શેર છે.

# ૬૬ વિદ્યાર્થીઓને ૬ લાખથી વધુના રોકડ પુરસ્કાર, ૫૦થી વધુ વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન



ગાંધીનગરમાં સ્કૂલ ઓફ ટેકનોલોજી, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (પીડીઇયુ) ખાતે વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શૈક્ષણિક, સહ-અભ્યાસક્રમ અને વધારાની પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પીડીઇયુના મહાનિદેશક પ્રો. એસ. સુંદર મનોહરન ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે પીડીઇયુના રજિસ્ટ્રાર કર્નલ (ડૉ.) રાકેશકુમાર શ્રીવાસ્તવ અને સ્કૂલ ઓફ ટેકનોલોજીના ડિરેક્ટર પ્રો. ધવલ પૂજારા પણ હાજર રહ્યા હતા.સમારંભમાં ૬૬ વિદ્યાર્થીઓને ૬ લાખ રૂપિયાથી વધુના રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, નવીનતા, નેતૃત્વ, સાંસ્કૃતિક અને ટેકનિકલ કાર્યક્રમો તેમજ સામુદાયિક પહેલોમાં નોંધપાત્ર યોગદાન આપનાર ૫૦થી વધુ વિદ્યાર્થીઓને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું.મહાનુભાવોએ વિદ્યાર્થીઓને તેમની પ્રેરણાદાયી સિદ્ધિઓ બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા માટે સતત પ્રયત્નશીલ રહેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ યુનિવર્સિટીની ઉત્કૃષ્ટતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બની રહ્યો હતો. સમારંભનું સમાપન ગૌરવ અને પ્રેરણાની ભાવના સાથે થયું હતું.

# સિદ્ધપુરમાં આવતીકાલે ૭.૫ કલાક વીજળી બંધ રહેશે:સુજાણપુર સબ સ્ટેશનમાં સમારકામ

શહેરના ખાટિયાપરા, રાજપુર વિસ્તાર, પ્રભાત સોસાયટી, ગોકુલધામ અને તાહેરપુરા વિસ્તારમાં વીજ પુરવઠો બંધ રહેશે. આ ઉપરાંત બુરહાની સોસાયટી, અયોધ્યા સોસાયટી અને રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પણ વીજ પુરવઠો ખોરવાશે. ઝોપલી પોલ, સૈફીપુરા એરિયા, રસુલ તળાવ, તાહેરપુરા અને પોલીસ લાઈન વિસ્તારના રહીશોને પણ વીજ કાપનો સામનો કરવો પડશે. તમામ વીજ ગ્રાહકોને આ અંગે આગોતરી જાણ કરવામાં આવી રહી છે.



# વક્ફ કાયદા મુદ્દે બંગાળમાં ભયંકર હિંસા,: કલમ ૧૬૩ લાગુ, ઈન્ટરનેટ બંધ

વક્ફના કાયદામાં સુધારા બાદથી જ પશ્ચિમ બંગાળમાં ઠેર ઠેર હિંસા થઈ રહી છે. મુર્શિદાબાદમાં આજે સતત બીજા દિવસે ભયંકર હિંસા થઈ. પોલીસ તંત્ર હિંસા રોકવામાં તદ્દન નિષ્ફળ નિવડ્યું છે ત્યારે આજે ટોળાં દ્વારા પિતા-પુત્રની હત્યા કરવામાં આવી છે. મીડિયા અહેવાલ ઘટના શમશેરગંજની પાસે જાફરાબાદ વિસ્તારની છે જ્યાં ભીડે બપોરના સમયે એક ગામ પર હુમલો કર્યો અને પિતા-પુત્રને મોતને ઘાટ ઉતાર્યા. હિંસા બાદ મુર્શિદાબાદમાં કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે, તથા ઈન્ટરનેટ પણ બંધ કરવાના આદેશ અપાયા છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતા સુવેંદુ અધિકારીએ રાજ્યમાં કેન્દ્રીય દળોને તહેનાત કરવાની માંગ કરી



છે. નોંધનીય છે કે ગઈકાલે જુમ્માની નમાઝ બાદ પણ બંગાળમાં હિંસા થઈ હતી. જેમાં ટોળાં દ્વારા અનેક જગ્યાએ આગચંપી કરવામાં આવી હતી. ઘણી જગ્યાઓ પર ટોળાં અને પોલીસ વચ્ચે પણ અથડામણ થઈ હતી. અનેક દુકાનો તથા વાહનોમાં પણ ભારે નુકસાન કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ...

# બ્રેસ્ટ કેન્સરને ધીમું કરતી દવાને મળી મંજૂરી

હેલ્થકેરમાં એક નવી સિદ્ધિ જોવા મળી છે, જેમાં બ્રેસ્ટ કેન્સરને ધીમું કરતી દવાને મંજૂરી મળી છે. ઇંગ્લેન્ડ અને વેલ્સની નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા આ દવાને મંજૂરી આપવામાં આવી છે. એડ્વાન્સ બ્રેસ્ટ કેન્સર ધરાવતી મહિલાઓ માટે આ દવા એક દિવસમાં બે વાર લેવાની રહેશે. હોર્મોન રિસેપ્ટર પોઝિટિવ અને ઉંઈઈઆર-નેગેટિવ બ્રેસ્ટ કેન્સર ધરાવતી મહિલાઓને ધ્યાનમાં રાખીને આ દવા બનાવવામાં આવી છે. આ દવા એક વર્ષમાં ૩,૦૦૦ થી વધુ મહિલાઓને મદદરૂપ થશે.

આ દવાનું નામ કેપિવસર્ટિબ છે, જેને ટૂંકે પ તરીકે ઓળખવામાં આવે છે. આ દવાને એસ્ટ્રાઝેનેકા દ્વારા મેન્યુફેક્ચર કરવામાં આવી છે. આ દવા કેન્સર સામે રક્ષણ આપે છે અને રજકણોને બમણાં થતાં અટકાવે છે. કેટલીક સ્થિતિમાં આ દવા બીમારીને આગળ વધતા અટકાવે છે. ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેન્સર રિસર્ચ, લંડન દ્વારા આ દવાને ગેમ ચેન્જર તરીકે વર્ણવવામાં આવી છે.કેપિવસર્ટિબની ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન આ દવાની અસર ઉત્તમ જોવા મળી હતી. હોર્મોન થેરાપી સાથે આપતી વખતે આ દવાનો પરિણામ અત્યંત સારું જોવા મળ્યું. આ દવા તેટલા દર્દીઓ માટે ખાસ ઉપયોગી સાબિત થાય છે, જેમનું કેન્સર ટ્યુમરમાં મ્યુટેશનથી પ્રભાવિત હોય અને જીન્સ પર તેની અસર દેખાય છે.

હાલમાં અડધાથી વધુ બ્રેસ્ટ કેન્સરૈં દ્વઉઝછ, છદ્બ૧ અથવાૅ ઈંદ્રના મ્યુટેશન સાથે જોડાયેલ છે. પ્રોફેસર નિકોલસ ટર્નર કહે છે, ×આ દવાને કારણે કિમોથેરાપીની જરૂર પડવાની સંભાવના ઘટી જાય છે. મહિલાઓને કિમોથેરાપીથી ડર લાગે છે, કારણ કે તેનાથી ઘણા સાઇડ ઇફેક્ટ જોવા મળે છે.

# અમેરિકી પ્રમુખ ટ્રમ્પે શાવરમાં પાણીના દબાણ પરના અતિશય નિયમનને સમાપ્ત કરવા એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા

વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો આદેશ અમેરિકામાં 'શાવર હેડ'માંથી આવતાં પાણીના દબાણને લગતો છે. બુધવારે તેમણે આ બાબતે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરીને બરાક ઓબામા અને જો બાઇડનના કાર્યકાળમાં લાગુ કરાયેલા નિયમો બદલી નાંખ્યા હતા.

છેલ્લા થોડા દિવસોથી ડોનાલ્ડ ટ્રમ્પની ફરિયાદ હતી કે અમેરિકામાં શાવર અને ટોઇલેટમાં પાણીનું દબાણ ઓછું છે, જેના કારણે સ્નાન કરવા અને વાળ ધોવા જેવા કાર્યો મુશ્કેલ બને છે. ઓર્ડર પર સહી કરતી વખતે તેમણે મજાકમાં કહ્યું કે, 'મારા સુંદર વાળની સારી સંભાળ રાખવા માટે મને સારા સ્નાનની જરૂર છે. પણ મારા વાળ બરાબર ભીના થાય તે માટે મારે ૧૫ મિનિટ શાવર નીચે ઊભા રહેવું પડે છે, કેમ કે શાવરમાંથી પાણી સાવ ધીમેધીમે ટપકે છે. આ કેટલું હાસ્યાસ્પદ કહેવાય!'

ઉલ્લેખનીય છે કે, પોતાના વાળ પ્રત્યે ટ્રમ્પની સભાનતા નવી નથી. ૨૦૨૦માં તેમણે કહ્યું હતું કે, 'તમારું તો મને ખબર નથી, પણ મારા વાળ પરફેક્ટ હોવા જોઈએ.' ગત વર્ષના ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેઓ એવું બોલ્યા હતા કે, 'શાવર ધીમા હોવાથી હું મારા વાળ ઝડપથી ધોઈ શકતો નથી.'

આ મામલે વ્હાઇટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણય લઈને ટ્રમ્પ ઓબામા-બાઇડન યુગ દરમિયાન બનાવેલા કડક નિયમોને દૂર કરીને સામાન્ય અમેરિકન્સને રાહત આપી રહ્યા છે. આ આદેશ શૌચાલય અને સિંક જેવી ઘણી વસ્તુઓ પર પણ લાગુ કરાશે.

વર્ષ ૨૦૨૦ માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઇડનના નેતૃત્વ હેઠળના ઉર્જા વિભાગે એક નિયમ લાગુ કર્યો હતો જેમાં એક મિનિટમાં ૨.૫ ગેલન (૯.૫ લિટર) પાણી છોડતા આખા શાવર હેડને બદલે ફક્ત નાનું શાવર નોઝલ જ વાપરવાની મંજૂરી આપવામાં આવી હતી. એના અગાઉ ઓબામા વહીવટીતંત્રે બહુવિધ નોઝલ ધરાવતા શાવર ફિક્સર પર રોક લગાવતાં એવો નિયમ લાગુ કર્યો હતો કે જો શાવરમાં ચાર નોઝલ આપેલા હોય તો ચારેયમાંથી કુલ ૨.૫ ગેલનથી વધુ બહાર ન આવવું જોઈએ.

પાણીનો બગાડ ન થાય, ઊર્જા ઓછી વપરાય અને એનું બિલ પણ ઓછું આવે, એવી ગણતરીઓ સાથે આ નિયમો લાગુ કરાયા હતા. એક અંદાજ મુજબ આ નિયમથી પ્રત્યેક ઘરમાં દર વર્ષે લગભગ ૩૮ ડોલરની બચત થતી હતી.

# ન્યૂયોર્કમાં હડસન નદીમાં એક પ્રવાસી હેલિકોપ્ટર ક્રેશ

લોઅર મેનહેટ્ટન/જર્સી સિટી,

અમેરિકાના લોઅર મેનહેટ્ટનમાં હડસન નદીમાં એક પ્રવાસી હેલિકોપ્ટર ઉડતું ઉડતું અચાનક જ નદીમાં ગરકાવ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં પાઇલટ સહિત ૬ લોકો મૃત્યુ પામી ગયાની માહિતી મળી રહી છે.

આ હવાઈ દુર્ઘટના લોઅર મેનહેટ્ટન અને જર્સી સિટી વચ્ચે સર્જાઈ હતી. ઘટનાની માહિતી મળતાં જ મોટાપાયે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમનો કાફલો ધસી આવ્યો અને બચાવ કામગીરીના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સે જણાવ્યું કે એક પર્યટક હેલિકોપ્ટર હડસન નદીમાં તૂટી પડ્યું હતું. આ હેલિકોપ્ટરમાં ત્રણ બાળકો સહિત ૬ લોકો સવાર હતા જેમના મોત નીપજ્યા છે. મૃતકોમાં એક પાઇલટ સહિત સ્પેનના ૫ લોકોનો એક પરિવાર સામેલ છે.

ન્યૂયોર્કમાં ટૂર માટે ઓપરેટ કરવામાં આવતા આ હેલિકોપ્ટરે ૨:૫૯ વાગ્યે બપોરે ઉડાન ભરી હતી અને પછી અચાનક બેકાબૂ થઈ ગયું હતું. બપોરે લગભગ ૧૫ મિનિટ બાદના સમયગાળામાં જ નજીકમાં આવેલી નદીમાં આ હેલિકોપ્ટર તૂટી પડ્યાની માહિતી મળી હતી અને તેમાં સવાર લોકો નદીમાં જ ડૂબી ગયા હતા.

# ચીનનો યુઆન ડૉલર સામે છેલ્લા ૧૭ વર્ષમાં સૌથી નીચે તળીયે પહોંચ્યો

બીજીંગ,

અમેરિકા દ્વારા ૧૭ જેટલા દેશો પર ટેરિફ લગાવવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા બધા દેશોની ઈકોનોમી પર માઠી અસર દેખાઈ રહી છે ત્યારે હવે ચીનનો યુઆન ડોલર સામે છેલ્લા ૧૭ વર્ષમાં સૌથી નીચે તળીયે પહોંચી ગયો છે. એક તરફ ટ્રમ્પની ટેરિફ વોરને લીધે વિશ્વ બજારો સતત તૂટી રહ્યાં છે. ત્યારે સેન્ટ્રલ બેંક ઓફ ચાયનાને ડોલર સામે યુઆન ઘટાડવા નિર્ણય લીધો છે. કહો કે લેવો પડ્યો છે.

યુઆનની કિંમત ઘટતાં ચીનને વિકાસ ક્ષેત્રેનો સારો એવો લાભ મળશે જ, કારણ કે યુઆન સસ્તો થતાં આયાતકારો ચીનનો માલ ખરીદવા આકર્ષાશે. પરંતુ તે સામે ભીતિ ને ઉપસ્થિત થઈ છે કે વિદેશી રોકાણકારો ચીનના ચલણની સ્થિરતા ન જોતાં તેઓની મૂડી ચીનમાંથી પાછી ખેંચી લેવા તત્પર બનશે તેમ વિશ્લેષકોનું માનવું છે.

# આવનારી તમિલનાડુની વિધાનસભા ચૂંટણી ભાજપ અને એઆઈએડીએમકે ગઠબંધનમાં લડાશે

ચેન્નાઈ,

તમિલનાડુમાં હવે આવનારી વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ અને છેંછઙ્ઘસ્દ્ભ વચ્ચે ગઠબંધન થયું છે. આ જાહેરાત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કરી હતી. આ સાથે અમિત શાહ અને પલાનીસ્વામી વચ્ચે એક બેઠક પણ યોજાઈ હતી, તેમણે ઈ પલાનીસ્વામી અને ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ કે. અન્નામલાઈ સાથે બેઠક યોજી મીડિયા સમક્ષ આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં એઆઈએડીએમકે અને ભાજપ વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી છે.

# લેહરીપુરા ન્યુ રોડ સાંકડો હોવા છતાં ડિવાઈડર મુકવાની તૈયારીઓ થતા મર્ચન્ટ એસો.નો વિરોધ



વાહન વ્યવહાર અને વેપાર વાણિજ્યથી ધમધમતા સાંકડા લહેરીપુરા ન્યુ રોડ પર ડિવાઇડર લગાવવાની તૈયારીઓ થતા સ્થાનિક વેપારી મર્ચન્ટ એસોસિએશન દ્વારા આવેદનપત્ર આપીને રજૂઆત કરવા મેયર પાસે આવ્યા હતા પરંતુ અડધો કલાક બેસાડ્યા બાદ મારે જવાનું છે એમ કહીને રવાના થઈ જતા વેપારીઓએ ડેપ્યુટી મેયરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે લહેરીપુરા ન્યુ રોડ વેપાર વાણિજ્યથી સતત ધમધમતો રહે છે. કેટલાય વેપારીઓને ત્યાંથી માલની સતત હેરાફેરી થતી રહે છે. ઉપરાંત વેપારીઓના પોતાના વાહન તથા આવતા ગ્રાહકોના વાહનોના કારણે સાંકડો રસ્તો વધુ સાંકડો બની જાય છે. પરિણામે હાલમાં પણ વારંવાર ચક્કાજામની સ્થિતિ બસ દરમિયાન સર્જાયા કરે છે. જ્યારે બીજી બાજુ પાલિકા તંત્ર દ્વારા આવો સાંકડો રોડ હોવા છતાં પણ રોડ ડીવાઇડર મુકવાની કાર્યવાહી શરૂ કરી છે, પરિણામે મર્ચન્ટ એસોસિએશનના વેપારીઓને આવેદનપત્ર આપીને રજૂઆત કરવા આવ્યા હતા.

મેયરને રજૂઆત કરવા પહોંચ્યા પરંતુ મેયરને બહાર જવાનું હોવાથી તેઓ મળી શક્યા નહીં જેથી વેપારીઓએ ડેપ્યુટી મેયરને આવેદનપત્ર આપી ડિવાઇડર નહીં બનાવવાની માંગણી કરી હતી. હાલમાં હજી ડિવાઇડર મુકવાની કામગીરી શરૂ નથી થઈ પરંતુ ડિવાઇડર મુકાઈ ગયા બાદ તેને કાઢવાનો પણ અલગથી ખર્ચ થશે એવી મર્ચન્ટ એસોસિએશનની રજૂઆત હતી.

# વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી ૮ કિલો ચરસના જથ્થા સાથે ઝડપાયેલ મુંબઈના દંપતિને ૧૦ વર્ષની કેદની સજા

દિલ્હીથી મુંબઈ જતી રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાંથી ૮ કિલો ચરસના જથ્થા સાથે ઝડપાયેલ મુંબઈના દંપતીને વડોદરાની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે દોષિત ઠેરવી ૧૦ વર્ષની કેદ તથા રૂપિયા એક-એક લાખનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અમદાવાદની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, ઈકબાલખાન અમીનખાન તથા સમીરાશેખ ઈકબાલખાન (બંને રહે - ઈસ્માઈલ મંઝિલ, અંધેરી ,ઈસ્ટ ,મુંબઈ) રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હોય તેમની પાસે ચરસનો જથ્થો છે. અને તેઓ દિલ્હીથી મુંબઈ જવા નીકળેલ હોય તા. ૨૩/૧૦/૨૦૨૦ના રોજ વડોદરા રેલવે સ્ટેશન ખાતે પહોંચશે. ટ્રેન વડોદરા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૧ ઉપર પહોંચતા વોચમાં ગોઠવાયેલ પોલીસની ટીમે બાતમી મુજબના બંને શખ્સોને ઝડપી પાડી તેઓની પાસે રહેલ બેગમાંથી ચરસનો જથ્થો કબ્જે કર્યો હતો. સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં સ્પે. એનડીપીએસ જજ સલીમ બી. મન્સુરી સમક્ષ આ કેસની સુનાવણી હાથ ધરાતા ફરિયાદ પક્ષ તરફે સ્પે.પી.પી. અનિલ દેસાઈની દલીલો હતી કે, આરોપીઓએ સમગ્ર સમાજને અસર કરે તેવો ગુનો કરેલ હોય તેઓ ઉપર રહેમ રાખી શકાય નહી, કાયદામાં ઠરાવ્યા મુજબ મહત્તમ સજા થવી જોઈએ. કોર્ટે બંને પક્ષકારોના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અને દલીલો ધ્યાને લેતા નોંધ્યું હતું કે, આક્ષેપિત મુદ્દામાલ ટ્રેનમાં આરોપીઓના કબ્જાવાળી બેગમાંથી મળી આવેલ હોય તે હકીકત પુરવાર થાય છે. એનડીપીએસ એક્ટની કલમોના અનુમાનોનું ખંડન કરવામાં બચાવ પક્ષ નિષ્ફળ રહેલ હોય આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ છે તે હકીકત પુરવાર થાય છે.

# નડિયાદના શિક્ષકે સાળંગપુરમાં બનાવી ૪૫૧ ફૂટની વિશાળ રંગોળી, કષ્ટભંજન દેવની કરી રંગોથી આરાધના

બોટાદ જિલ્લાના મહા તીર્થધામ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરનો શતામૃત મહોત્સવ તથા હનુમાનજી પ્રાગટ્યોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ મહોત્સવમાં નડિયાદની વાલ્લા પ્રાથમિક શાળાના શિક્ષક અને રાજ્યના રંગોળી કલાકાર હિતેશકુમાર બ્રહ્મભટ્ટે સાળંગપુર ધામ ખાતે ૪૫૧ ફૂટની વિશાળ રંગોળી તૈયાર કરી છે. આ રંગોળી તૈયાર કરવામાં પૂરા ૧૮ કલાકનો સમય લાગ્યો છે તથા કુલ ૧૭૦ કિલો રંગોળી રંગનો ઉપયોગ કર્યો છે. આ સેવામાં નડિયાદના નવ સેવકો પણ ખૂબ જ સહયોગી બન્યા છે. જેમાં પ્રફુંજકુમાર બ્રહ્મભટ્ટ ,મૌલેશકુમાર બ્રહ્મભટ્ટ, અલ્પેશકુમાર પટેલ,મિલનકુમાર પટેલ ,જૈનમ કુમાર ભાવસાર, આશિષકુમાર સુથાર, રવિકુમાર ડોડાણી, નંદકુમાર સુથાર અને ઉજાસ કુમાર પ્રજાપતિ મુખ્ય છે.




આ ૪૫૧ ફૂટની વિશાળ રંગોળી દેશ-પરદેશના લાખો દર્શનાર્થીઓમાં વિશેષ આકર્ષણરૂપ બની છે. ઉલ્લેખનીય છે કે, હિતેશકુમાર બ્રહ્મભટ્ટે તાજેતરમાં જ વડનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૧૧ ફૂટની વિશાળ રંગોળી તૈયાર કરી હતી.

# સંતાનો બન્યા ફોન અને લેપટોપના બંધાણી, મા-બાપ સાથે ઝઘડો કરી સંઘર્ષમાં ઉતરતા

અમદાવાદ,

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાંથી એક વ્યક્તિનો ૧૮૧ અભયમમાં ફોન આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, તેમની દીકરી અને દીકરો બંને ખૂબ જ વધારે પ્રમાણમાં સ્માર્ટફોન વાપરે છે અને અભ્યાસમાં સરખું ધ્યાન નથી આપતા. આ વ્યક્તિના કહેવા પ્રમાણે તેમના બાળકો તેમના અને તેમની પત્નીના કહેવાથી પણ સમજતા નથી. આ બાળકો તેમના માતા પિતાને સામે જવાબ આપતા હતા અને સામે એલફેલ બોલતા હતા.




બાળકોના માતા પિતાએ ૧૮૧ અભયમ ટીમને પોતાના બાળકો કહ્યામાં ના હોવાથી કાઉન્સેલિંગ માટે બોલાવી હતી. ૧૮૧ અભયમની ટીમ જણાવેલ સરનામે પહોંચી ગઈ હતી અને બાળકોના માતાપિતા સાથે વાતચીત કરી હતી.

આ દંપતી ફર્નિચરની દુકાન ધરાવે છે અને તેઓનાં બે સંતાનો છે; જેમાંથી દીકરી ૧૯ વર્ષની છે અને તેણી આઈટીનો અભ્યાસ કરી રહી છે; તેમજ દીકરો ૨૦ વર્ષનો છે અને તેનો સીએનો અભ્યાસ ચાલુ છે. આ કુટુંબમાં સંતાનોને પહેલાથી લાડપ્રેમથી ઉછેર્યા હોય તેમને કોઈ વસ્તુ કે વ્યવસ્થાની ખોટ નહોતી સાલવા દીધી.

અભયમ ટીમને વધુમાં જાણવા મળ્યું હતું કે, દીકરી અને દીકરો બંને એકબીજા સાથે ખૂબ ઝગડો કરતા હતા અને બંને અભ્યાસનાં બહાને ફોન અને લેપટોપમાં જ વ્યસ્ત રહેતા હતા. આ સિવાય દંપતીના બંને બાળકો બીજું કંઈ પણ કામ નહોતા કરતા. માતા પિતા તેમને સમજાવવા જતા ત્યારે તેઓ સામે બોલાચાલી કરતા હતા. ૧૮૧ અભયમના કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું હતું કે, બંને સંતાનો તેમના ફોનમાં લોક રાખતા હતા. દંપતીનો દીકરો તેની સાથે ભણતી મિત્ર છોકરી સાથે સતત ફોનમાં, વિડિયો કોલ ઉપર વાતચીતમાં લાગી રહેતો હતો અને માતા-પિતાનાં સમજાવવાથી ગુસ્સે થઈ જતો હતો. દીકરીને માતા કોઈ કામમાં મદદ કરવા જણાવતી ત્યારે દીકરી પણ અભ્યાસનું નામ લઈને ફોન અને લેપટોપ લઈને બેસી રહેતી હતી. માતા પિતા બન્ને સંતાનોને છેલ્લા ૩ વર્ષથી સમજાવી-સમજાવીને કંટાળી ચૂક્યા હતા તેથી છેલ્લે તેમણે ૧૮૧ અભયમની મદદ માગી હતી૧૮૧ અભયમની ટીમે દીકરી અને દીકરાનું કાઉન્સેલિંગ કર્યું હતું. તેમણે બન્નેને સમજાવ્યા હતા. દીકરાને તેની મિત્ર વિશે પૂછપરછ કરી હતી. દીકરાને તેની મિત્ર સાથે મિત્રતા સિવાયના બીજા કોઈ સંબંધો ન હતા અને તેણી સાથે ફક્ત મિત્ર તરીકે જ વાતચીત કરતો હતો એમ તેણે જણાવ્યું હતું. ૧૮૧ અભયમની ટીમ દ્વારા દીકરાને ભણતરમાં ધ્યાન આપવા સમજાવ્યો હતો. દીકરો ફોનનો ખોટી રીતે ઉપયોગ ન કરે તે માટે સલાહ આપી હતી. તેના માતા પિતા આગળ ખરાબ વર્તન ન કરવા કે ખરાબ શબ્દોનો ઉપયોગ ન કરવા તેને સમજાવ્યો હતી.દીકરાને તેની સ્ત્રી મિત્ર સાથે વાતચીત કરવાનું બંધ કરવા સમજાવ્યો હતો. દંપતીની દીકરીને પણ ૧૮૧ અભયમની ટીમ દ્વારા પરીક્ષાઓ પૂર્ણ થઈ જાય પછી માતાને ઘરમાં મદદરૂપ થવા માટે સમજાવવામાં આવી હતી. અભયમ ટીમના સમજાવવાથી બંને સંતાનો સમજી ગયા હતા અને બંને સંતાનોએ ખાતરી આપી હતી કે તેઓ પોતાના અભ્યાસમાં ધ્યાન આપશે અને ફોનનો ઉપયોગ ઓછો કરી દેશે. દંપતીના બંને બાળકો સારા ગુણ સાથે પાસ થાય તે માટે તેમના માતા-પિતાને પણ અભ્યાસનાં હેતુસર બાળકોને ફોનનો ઉપયોગ કરવા આપે તે માટેની સમજણ આપવામાં આવ્યા હતા. પોતાની સમસ્યાનો ઉકેલ લાવવા માટે આ દંપતિએ ૧૮૧ અભયમ ટીમનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. તેમના ઘરમાં સતત ૩ વર્ષથી ચાલી રહેલા આ સંઘર્ષ અને ખેંચતાણમાં ૧૮૧ અભયમની ટીમ રાહતનું માધ્યમ બની. ૧૮૧ અભયમ હેલ્પલાઇન આવી અનેક મુસીબતમાં સહારો બની લોકોની મદદે આવે છે.

# એએમસી દ્વારા ટેન્ડર મુજબ સ્ટોલ માટે જગ્યા આપવામાં આવશે; સ્ટોલ દીઠ ૧૫ હજાર રહેશે ભાડુ

અમદાવાદ,

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા લૉ ગાર્ડન વિસ્તારમાં રિડેવલપમેન્ટ કરીને હેપ્પી સ્ટ્રીટ તૈયાર કરવામાં આવ્યું હતું. જ્યાં વિવિધ સ્ટોલ ધારકો દ્વારા ખાણીપીણીનું બજાર ચાલતું હતું. જ્યારે અમુક સમય બાદ એએમસી એ અહીં ફૂડ સ્ટ્રીટ બંધ કરીને પે એન્ડ પાર્કિંગ બનાવી દીધું હતું. જેને લઈને સ્ટોલ ધારકોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જ્યારે હવે એએમસી દ્વારા લૉ ગાર્ડન ખાતે ફરીથી હેપ્પી સ્ટ્રીટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, ત્યારે અગાઉના ૩૬ સ્ટોલ ધારકો ઉપરાંત અન્યોને ટેન્ડર મુજબ સ્ટોલની ફાળવણી કરવામાં આવશે.

આ મામલે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, લૉ ગાર્ડન ખાતે વર્ષ ૨૦૧૯માં એએમસીએ રિડેવલપમેન્ટ કરીને હેપ્પી સ્ટ્રીટ બનાવવામાં આવ્યું હતું. જ્યાં ખાણીપીણી સહિતના ૩૬ સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા. આ પછી અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા પહેલા અહીં પે એન્ડ પાર્કિંગ શરૂ કર્યું હોવાથી સ્ટોલ ધારકોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જ્યારે હવે તંત્રએ ફરીથી હેપ્પી સ્ટ્રીટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, ત્યારે ટેન્ડર મુજબ સ્ટોલ માટે જગ્યા આપવામાં આવશે અને એક સ્ટોલ દીઠ ૧૫ હજાર ભાડુ રહેશે.

# પારસમણિ ફાઉન્ડેશન દ્વારા બે દિવસીય 'મસ્તી કી પાઠશાલા' સમર કેમ્પનું આયોજન.!

ગાંધીનગરની સામાજિક પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર સંસ્થા પારસમણિ ફાઉન્ડેશન દ્વારા સળંગ ત્રીજા વર્ષે 'મસ્તી કી પાઠશાલા' બે દિવસનો બાળકો માટે આખા દિવસનો કેમ્પ આયોજિત કરવામાં આવ્યો છે. આ કેમ્પમાં વિષય નિષ્ણાત દ્વારા યોગ, ડાન્સ, ક્રાફ્ટ, ડ્રોઇંગ, ડ્રામા, પપેટ શો, ટ્રેડિશનલ રમતો, જાદુ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.




ગાંધીનગર સેક્ટર - ૨૨ ખાતે આવેલા વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે શનિવાર - રવિવાર તારીખ ૩-૪ મે દરમિયાન આખા દિવસનો સમર કેમ્પ એરકંડીશન હોલમાં આયોજિત કરવામાં આવ્યો છે. મસ્તી કી પાઠશાલા સમર કેમ્પમાં સવારનો નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવશે તેમજ કેમ્પના અંતે સર્ટિફિકેટ આપવામાં આવશે. આ સમર કેમ્પમાં ભાગ લેવા પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત મો. ૯૪૨૬૮૮૦૪૦૦ પર સમર કેમ્પ લખીને વોટ્સેપ કરતા કેમ્પના ફોર્મની લીન્ક મોકલી આપવામાં આવશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે એમ રિદ્ધિ થોરાત દ્વારા જણાવવામાં આવ્યું છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG. SS No: 194**

વિષય : ભોગ વિલાસ

શીર્ષક : ભોગવિલાસ જીવનનો એક ભાગ

પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૪

'ભોગવિલાસ' શબ્દ કાને પડતા જ આપણને જીવનમાં આનંદ પ્રમોદ,ગમતા પાત્ર સાથેની સુંદર ક્ષણો એનું જીવંત ચિત્ર ખડું થઈ જતું હોય છે. બુદ્ધિશાળી જીવ તરીકે મનુષ્ય હંમેશા પોતાની પાસે રહેલી વસ્તુમાં, સંપત્તિમાં ઉમેરો થતો રહે તેવી ઈચ્છા રાખતો હોય છે.એના થકી એ સમૃદ્ધતાનું પ્રતિક પ્રદર્શિત કરીને વધુને વધુ ઈચ્છિત સુખોની પ્રાપ્યતાની ખેવના ધરાવતો હોય છે.

મનુષ્ય પોતાનાથી સમૃદ્ધ અને સુખી વ્યક્તિઓને ધ્યાન ઉપર લેતો હોય છે. એવી વ્યક્તિઓ પાસે રહેલી વિવિધ પ્રકારની સંપત્તિ , મોજમજાના સંસાધનો એની જીવનશૈલી ઉપયોગમાં લેવામાં આવતી નાનામાં નાની વસ્તુઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતો હોય છે. અને એવું જ મેળવવાની મથામણ કરતો રહેતો હોય છે.

રાજા રજવાડાઓ એ ભારતીય સંસ્કૃતિની એક ધરોહર મનાય છે. વિશાળ મહેલો,ઉત્તમખાણુ,સોના ચાંદીના વાસણો, હીરા માણેક જડિત મહેલો,રત્નજડિત પોશાકો, દાસ દાસીઓનો કાફલો આ બધા ભોગવિલાસના સાધનો હતા. ઉપરાંત એ એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે સંસર્ગમાં રહેતા એ પણ ભોગવિલાસનું પ્રતીક મનાતું. આજે પરિસ્થિતિમાં પરિવર્તન છે. વ્યક્તિ આધુનિક ગેજેટ્સનો ઉપયોગ કરી પોતાની ઈચ્છિત કામનાઓની પરિપૂર્ણતા કરતો જોવા મળે છે.

સંપત્તિ,ઝરઝવેરાત, નીત નવા પાત્ર સાથેનું સહજીવન,મદિરાપાન કે પછી ડ્રગ્સ નું સેવન એ ભોગવિલાસનું પ્રતીક ગણી શકાય. એવી જ રીતે આરબ શેખો પોતાના ઘરના બાથરૂમના નળને પણ સુવર્ણજડિત બનાવી દે છે. એમની જીવન શૈલી એ ભોગવિલાસનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણી શકાય.

મનુષ્ય નાનો હોય કે મોટો એની પાસે રહેલી શક્તિનો ખર્ચ,પુરુષાર્થ એ એટલાજ માટે કરે છે કે જીવનમાં એ ઈચ્છિત સુખની પ્રાપ્યતા એશો આરામ અને ભોગવિલાસ દ્વારા જીવનને માણી શકે. કેમકે પ્રત્યેક માનવી માટે ભોગવિલાસ એ જીવનનો એક ભાગ છે. એની માત્રા અલગ અલગ હોઈ શકે. આપણા રાજા મહારાજાઓ પણ યુદ્ધ પછી પોતાને ઈચ્છિત સુખ ભોગવિલાસ દ્વારા પ્રાપ્ત કરતા હતા.

સમયમાં પરિવર્તન સાથે ભોગવિલાસની પ્રક્રિયામાં પણ ફેરફાર આવતો જોવા મળે છે. મોંઘી દાટ ગાડીઓ ખરીદવી, અલભ્ય જગ્યાએ રોકાણ, કાળજુ કંપાવી દે તેવી રોમાંચક રમતો, કે પછી એક રાતના અધધ..કહી શકાય એટલા ચલણની ચુકવણી પછી વાસનાની પૂર્તિ, કંઈક વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા સુખની અનુભૂતિ કરવાની રોચકતા..આ બધું ભોગવિલાસમાં જ હવે આવી જાય છે. ઈશ્વર પણ મનુષ્ય અવતાર ધારણ કરીને મર્યાદામાં ભોગવિલાસ માણી ચૂક્યા છે એના ઉદાહરણો નજર સમક્ષ છે.આ ભોગવિલાસ એ મનુષ્યની નબળી કડી ગણાય છે.એટલે એ મર્યાદામાં જ ખપે નહિતર એ વિનાશને નોતરે છે.'

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**

વિષય : ભોગ વિલાસ

શીર્ષક : જીંદગી ગુજારી છે....

પ્રકાર - પદ્ય શબ્દો : ૧૦૩

એ દાગ છે સમાજ માથે જે વ્યસની વ્યભિચારી છે,
ધિક્કાર છે જેને ભોગ વિલાસમાં જીંદગી ગુજારી છે.

ભુલી ગયો કે ઈશ્વર આગળ એની કોઈ હસ્તી નથી,
સત્તા સંપતિના જોરે એને કૃપા પરમેશ્વરની નકારી છે.

ભૂકંપો ને સુનામીઓ માંથી પણ શીખ્યો નથી માનવી,
ગગન ચુંબી ઈમારતો બનાવી શક્તિ કુદરતી નકારી છે.

ઊભા કર્યા જંગલો કોંક્રિટ પર્યાવરણ ઉજાડી ને એને,
કરી કત્લેઆમ મૂંગા પશુ પક્ષીની પેટની આગ ઠારી છે.

વસાવ્યા છે સંસાધનો ખુદના વિલાસ ને વિકાર કાજ,
ભુલી ગયો ઈશની ઉપાસના ખુદની આરતી ઉતારી છે.

આમ જુવો તો એ માનવ નથી પણ દાનવ છે " મિત્ર "
જેને હ્વઅહમ ને અહંકારથી સત્તા ઈશ્વરની પડકારી છે.
વિનોદ સોલંકી મિત્ર લખતર.





ગતરોજ રાત્રે અંદાજિત ૧૦:૩૦ વાગ્યા આસપાસ ગાંધીનગરના સેક્ટર - ૪ ખાતેના ગાર્ડન નજીકના સુલભ શૌચાલય પાસેના ઝૂંપડામાં આગ લાગી હતી.ફાયરબ્રિગેડને આ અંગેનો કોલ મળતાં તેની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગ ઓલવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી, આ દરમિયાન એકાએક ઝૂંપડાના ગેસ-સિલિન્ડરમાં ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો, જેના પરિણામે ચાર ફાયર-કર્મચારી ગંભીર રીતે દાઝી ગયા હતા.તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ ચાર કર્મચારી પૈકી ત્રણ કર્મચારીઓ વધારે દાઝી ગયેલ હોવાથી તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની મેયરશ્રી મીરાબેન પટેલને જાણ થતા તેઓ તાત્કાલિક હોસ્પિટલ એ પહોંચી ગયા હતા અને ડોક્ટર તથા સ્ટાફને આ કર્મચારીઓને તમામ સારવાર પૂરી પાડવા માટે જણાવ્યું હતું.

## આગ્રામાં કરણી સેનાએ પોલીસને ઘેરી, ૮૦ હજાર કાર્યકરો ભેગા થયા, રાણા સાંગા પર નિવેદન આપનાર સપા સાંસદનું ઘર છાવણીમાં ફેરવાયું

આગ્રામાં શનિવારે કરણી સેનાના કાર્યકર્તાઓ અને પોલીસ આમને-સામને આવી ગયા. કરણી સેનાના ૮૦ હજાર કાર્યકર્તાઓ રાણા સાંગાની જયંતી ઉજવવા આગ્રા પહોંચ્યા છે. ઉત્તર પ્રદેશ ઉપરાંત હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતથી કાર્યકર્તાઓ આવ્યા છે. એવી સંભાવના છે કે કાર્યકર્તાઓની સંખ્યા ૩ લાખ સુધી પહોંચી શકે છે.આને 'રક્ત સ્વાભિમાન સંમેલન' નામ આપવામાં આવ્યું છે. આ કાર્યકર્તાઓ આગ્રાના ગઢી રામીમાં ૫૦ વિઘા જમીનમાં બનાવેલા પંડાલમાં એકત્રિત થયા. કાર્યક્રમ સ્થળે પોલીસ પણ



પહોંચી, જેને જોઈને કરણી સેનાના કાર્યકર્તાઓ આક્રોશિત થઈ ગયા. તેમણે પોલીસકર્મીઓને ઘેરી લીધા અને તલવારો-લાકડીઓ લહેરાવવા લાગ્યા. સ્થિતિ બગડતી જોઈને પોલીસને આયોજન સ્થળેથી બહાર જવું પડયું.આ કાર્યકર્તાઓ રાણા સાંગા વિશે નિવેદન આપનાર સપા સાંસદ રામજી સુમનના ઘર તરફ કૂચ કરી શકે છે. આ માટે પોલીસે ૫૦૦ જગ્યાએ બેરિકેડિંગ કર્યું છે. ૧૦ હજાર PAC અને પોલીસના જવાનો તૈનાત છે. ડ્રોન દ્વારા દેખરેખ કરવામાં આવી રહી છે.

રામજી સુમન ઘરે છે. તેમના નિવાસસ્થાનને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. ૧૦૦૦ પોલીસ જવાનો તૈનાત છે. એક કિલોમીટરનો વિસ્તાર સીલ કરવામાં આવ્યો છે. મેટલ ડિટેક્ટર લગાવવામાં આવ્યા છે. સપા સાંસદે પણ પોતાની વ્યક્તિગત સુરક્ષામાં ૧૦ બાઉન્સર્સ રાખ્યા છે.

કળિયુગી કાગડો

સામાન્ય રીતે આપણે બધાંએ મોરનો કેકારવ, કોયલનો ટહુકો, બુલબુલનો સિસોટી ભર્યો મધુર કલરવ, ભમરાનું ગૂંજન વિગેરે સાંભળ્યાં હોય છે. આ ઉપરાંત આપણે પાળેલા પોપટને માણસની જેમ બોલતો સાંભળ્યો હોય છે. પોપટને આપણે જે શીખવાડીએ એની નકલ તે તૈયારીમાં કરી શકે છે.પરંતુ હાલમાં દરેક નાના મોટા અખબારોમાં કળિયુગી કાગડાના સમાચાર અને વિડિયો બહોળા પ્રમાણમાં વાયરલ થયાં છે. એવું કહેવાય છે કે મહારાષ્ટ્રમાં આવેલા પાલઘર પાસે કોઈ વાડા નામના ગામમાં એક કાગડો પોપટની માફક બોલે છે. આ કાગડો ઘાયલ અવસ્થામાં કોઈ મહારાષ્ટ્રીયન પરિવારના આંગણમાં પડેલો હતો અને આ પરિવારે માનવતા દાખવીને આ કાગડાનું લાલનપાલન કર્યું અને તેઓ આ કાગડાને પોતાના ઘરનાં સભ્યો જેવો ગણવા લાગ્યા છે. આ પરિવાર મહારાષ્ટ્રિયન હોવાથી આ કાગડો મરાઠી શબ્દો બોલવા લાગ્યો છે. સૌ કોઈ આ બોલતા કાગડાને જોવા અને સાંભળવા માટે તે પરિવારના ઘરે જવા લાગ્યા છે. લોકોએ કળિયુગનું આ નવું કૌતુક અને વિસ્મય જોયું અને જાણ્યું છે. અમુક શાસ્ત્રજ્ઞો તથા ભવિષ્યવેત્તાઓ એવું પણ ભવિષ્ય ભાખે છે કે, હજુ આગામી વર્ષોમાં, લોકોએ કળિયુગનું વરવું સ્વરૂપ જોવાનું બાકી છે. હજું પણ આપણને કળિયુગના ન ધારેલાં, ન વાંચેલાં, ન કલ્પેલાં, ન જોયેલાં અને ન સાંભળેલાં પરિણામો અને દૃશ્યો જોવા મળશે.

યોગેશભાઈ આર જોશી

# ૧૪, એપ્રિલ, ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી

બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ દર વર્ષે ૧૪મી એપ્રિલે આપણા સમગ્ર ભારત દેશમાં ઉજવવામાં આવે છે. ડો. ભીમરાવ આંબેડકર કે જેઓ પૂરા દેશમાં "બાબાસાહેબ આંબેડકર" તરીકે પણ ઓળખાય છે. આપણા ભારત દેશમાં તેમની મહેનત અને યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે આપણા સૌ દ્વારા દર વર્ષે ૧૪મી એપ્રિલને આંબેડકર જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. બાબાસાહેબ ? એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઇતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા. તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ના હુલામણા નામથી પણ જાણીતા છે.

ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ થયો હતો. આ ૧૪ એપ્રિલ જન્મજયંતિ છે. આંબેડકરના પિતાનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું. ડો.આંબેડકર બાળપણથી ખૂબ જ ગુણવાન અને બુદ્ધિમાન હતા. ડો.ભીમરાવ આંબેડકરને જ્ઞાતિના ભેદભાવના કારણે ઘણુ બધુ સહન કરવુ પડ્યુ હતુ. શાળામાં તેમને સમાન હક મળતો ન હતો, તેમને વર્ગની બહાર ઉભા રહીને ભણવું પડતું હતું, ઉચ્ચ જાતિના વિદ્યાર્થીઓ પણ આભડછેટ રાખતા હતા અને તેમની પાસે કે સાથે બેસવું ખરાબ માનતા હતા. એટલુ જ નહીં, ભીમરાવ આંબેડકરને શાળામાં પાણી પીવાનો પણ અધિકાર ન હતો. આવા પોતાના કડવા અનુભવોએ ડૉ. આંબેડકરના બાળ મન પર ઊંડી અસર છોડી હતી. ભીમરાવ આંબેડકરને નીચી જાતિના હોવાને કારણે ઘણું બધુ સહન કરવું પડ્યુ હતું. પરંતુ, ભીમરાવ આંબેડકરે ક્યારેય પોતે હાર ન માની હતી અને તે પોતાનું લક્ષ્ય હાસીલ કરવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. ડૉ.આંબેડકરના બાળ લગ્ન થયા હતા. સન એપ્રિલ,૧૯૦૬ માં જ્યારે ડૉ. ભીમ રાવ આંબેડકરની ઉંમર ૧૫ વર્ષની હતી, ત્યારે તેમના લગ્ન રમાબાઈ સાથે થયા હતા. ત્યારે રમાબાઈની ઉંમર માત્ર ૯ વર્ષની જ હતી. ડો.આંબેડકરના પિતા એક સૈનિક હતા. તેમના પિતાજી ૧૮૯૪માં નિવૃત્ત થયા અને બે વર્ષ પછી ડૉ. આંબેડકરની માતાનું પણ અવસાન થયું હતું. આ સ્થિતિમાં બાળકોની સાર-સંભાળની સમસ્યા ઊભી થઈ, ડો આંબેડકર અને તેમના ભાઈ બહેનની સંભાળ પછી તેમની કાકીએ તમામ બાળકોની સંભાળ લીધી હતી.જો કે આ સમય દરમિયાન રામજી સકપાલના ત્રણ પુત્રો બલરામ, આનંદરાવ અને ભીમરાવના અને બે પુત્રીઓ મંજુલા અને તુલસા પણ આ મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થયા હતા. હવે, આ બધા જ તેમના ભાઈઓ અને બહેનોમાં માત્ર ડૉ. આંબેડકર જ શાળામાં શિક્ષણ મેળવી શક્યા હતા.ડો. આંબેડકર જયંતિ અથવા ભીમ જયંતિ એ ૧૪ એપ્રિલે ભારતીય નાગરિક અધિકાર કાર્યકર્તા ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં મનાવવામાં આવતો વાર્ષિક તહેવાર છે. ડો. આંબેડકરે જીવનભર સમાનતા માટે સંઘર્ષ કર્યો હતો, તેથી તેમના જન્મદિવસને ભારતમાં




'સમાનતા દિવસ' તરીકે પણ ઉજવવામાં આવે છે અને આ દિવસને "આંતરરાષ્ટ્રીય સમાનતા દિવસ" તરીકે જાહેર કરવાની માંગ સંયુક્ત રાષ્ટ્રમાં કરવામાં આવી છે.ડૉ.ભીમરાવ આંબેડકરે ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના રોજ લગભગ ૨ વર્ષ ૧૧ મહિના અને ૭ દિવસના પોતાના અથાક પરિશ્રમથી સમાનતા, સમાજમાં બંધુત્વ અને માનવતા પર આધારિત ભારતીય બંધારણ તૈયાર કર્યું હતું. ત્યાર બાદ, તેમણે તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને દેશના તમામ નાગરિકોને સોંપવાથી, રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દરેક વ્યક્તિની સ્વાભિમાની જીવનશૈલીએ ભારતીય સંસ્કૃતિનો મહિમા કર્યો હતો. -મિતલ ખેતાણી

## આચાર્ય લોકેશજી, સ્વામી રામદેવજી, શ્રી શ્રી રવિશંકર મહારાજ દુબઈમાં વિશ્વ શાંતિ સંમેલનને સંબોધશે



દુબઈમાં આયોજિત વિશ્વ શાંતિ સંમેલનને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય લોકેશજી, પતંજલિ યોગપીઠના સ્થાપક સ્વામી રામદેવજી, આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિ શંકર મહારાજ,ેછઈ સરકારના મંત્રીઓ, વિશ્વ શાંતિ એવોર્ડના વિજેતાઓ, વિશ્વશાંતિ એવોર્ડના વિવિધ દેશોના વ્યક્તિગત અને સામાજિક કાર્યકર્તાઓ સંબોધિત કરશે. 'ગ્લોબલ પીસ, લવ એન્ડ જસ્ટિસ' સંમેલનનું ઉદ્ઘાટન ૧૨ એપ્રિલે ેછઈના સહિષ્ણુતા મંત્રી શેખ નાહયાન બિન મુબારક અલ નાહયાન, સંસ્કૃતિ અને યુવા મંત્રી શેખ સલીમ બિન ખાલિદ અલ કાસિમી, સાંસદ અને સંરક્ષણ અને વિદેશી બાબતોની સમિતિના અધ્યક્ષ ડૉ. અલી રાશિદ અલ નુઈમી દ્વારા કરવામાં આવશે.

વર્લ્ડ શિખર સંમેલન માટે ખાસ આમંત્રણ પર દુબઈ જતા પહેલા જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે બે દિવસીય કોન્ફરન્સ દરમિયાન 'ન્યાય, શાસન અને નેતૃત્વ માટેના માર્ગદર્શક સિદ્ધાંતો', 'ભવિષ્ય માટે પૃથ્વીનું જતન', 'વિવિધ સત્રમાં ધર્મનું યોગદાન' અને વિશ્વના વિવિધ સત્રમાં એકરૂપતા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતાઓનાં વિશ્વ શિખર સંમેલનનાં સ્થાયી સચિવાલયના અધ્યક્ષ રશિયાના એકાતેરીના જ્ગ્લાદીના, એમઆઈટી વર્લ્ડ શાંતિ યુનિવર્સિટી પુણેના કાર્યકારી પ્રમુખ ડૉ. રાહુલ વિશ્વનાથ કરાડ

મુસ્લિમ કાઉન્સિલ ઓફ એલ્ડર્સના સેક્રેટરી જનરલ અને ઈજિપ્તના ન્યાયાધીશ મહામહિમ મોહમ્મદ અબ્દ-સલામ, અમેરિકાના શીખ ધર્મના ભાઈ સાહેબ સતપાલ સિંહ ખાલસા, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી નાદિર ગોદરેજ જેવી અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ ભાગ લેશે.

## સત્તાના કાંડથી સુરત તક્ષશિલાનો ભરૂચ વડોદરાનો વારો હતો આજે અમદાવાદમાં કોઈના લાડકવાયા જીવ ગુમાવી રહ્યા છે.

બાંધકામ નિયમો વિરુધ્ધ મેળાપીપણામાં અફસર નેતા અને દલાલો મળી કરોડોના કાંડ કરી દસ વર્ષે ઈમ્પેક્ટ ફી લાવી ફરી જનતાની લુંટ સાથે કાંડ પર પડદો પાડવાનું કામ થયું છે તેનાથી રોડ રસ્તા પાર્કિંગ હવા ઉજાસ મળે નહી. ફાયર કે આકસ્મિક સમયે સુવિધા મળી શકે નહી. લોકોએ મરવું કે તડપવુ જ પડે.

કમાણી અને ટેકસની લાયમાં બહુમાળી ટાવરો સત્તા ખડકી રહી છે.જનતા જીંદગીની કમાણી આજીવન ભરી બેન્કલોનથી લૂંટાઈ માલિક (ભાડુઆત)બને છે બેન્ક લોન પૂરી થાય ત્યારે ફ્લેટ લીકેજ કે પડવા આવે.તે ફ્લેટમાં પાણી માટે બોરવેલનો લાખોમાં ખર્ચ હાઉસ કીપીગ સિક્યોરિટી એજન્સી ફાયર સેફ્ટી ગેસ જનરેટર ગટર શિક્ષણ સલામતી જેવી તમામ જનસુવિધા આપવા માટે સત્તા મકાન વેરો લેતી આવી છે તેમાંથી સત્તાએ હાથ ખંખેરી ફ્લેટધારક જનતાને માથે થોપી દીધી.એથી પોતાના ફ્લેટમાં પોતે મેન્ટેનન્સ ભરતો ભાડૂઆત બની ગયો.ગાય દોઈ કૂતરાને પાય તેમ બેન્કલોન ગુલામ બને છે.

એથી વધુ નવાઈ એ છે કે તે સુવિધા સત્તાએ આપવી બંધ કરી ઉપરથી તેની પર સત્તા ય્જી્ વસુલે છે સત્તા પોતે રૂપિયો ખર્ચ કર્યા સુવિધા આપ્યા વગર સ્વખર્ચે સેવા આપતા સોસાયટીના ચેરમેન સેક્રેટરીને જવાબદાર બનાવે તે અલગ.

જાતિ કોમ ધર્મનાં નામે લડાવી નફરત સંતોષતા નફરતી નેતાઓ ચૂંટી તેમને સત્તા આપીએ તો આવા હાલ થાય. જનતા લૂંટના નાણાંથી સત્તાના દલાલ ઠગ તેમાં પણ જનતાએ દોષી બતાવી કાવતરાં કરતા રહેશે. ઘણું લેટ થયું છે તો પણ જનતાએ હક્કો માટે જાગવું પડશે. પ્રમાણિક સત્તા સિવાય જનહિત અશક્ય છે.

# મહાનગરપાલિકાની બે દિવસની સિંગલ યુઝ પ્લાસ્ટિક ડ્રાઈવમાં ૧૦૩ વેપારીઓ દંડાયા. રૂપિયા ૪૭,૦૦૦નો વસૂલ્યો ચાર્જ








શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ અટકાવવા મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી. જેમાં ૧૦૩ વેપારીઓ પાસેથી રૂ.૪૭ હજાર વહિવટી ચાર્જ વસૂલવામાં આવ્યો. સાથે જ ગંદકી કરતા ૨૮ એકમો પાસેથી રૂ.૧૦૭૫૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે, બે દિવસની આ કાર્યવાહીમાં મહાનગરપાલિકા દ્વારા ૧૫૦ થી વધુ ઈસમો એકમો પાસેથી રૂ.૫૮૦૦૦થી વધુ વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

## શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે ગુજરાત પ્રજાપતિ સમાજના "શતાબ્દી મહોત્સવ"નું આયોજન



અમદાવાદ : ગુજરાત પ્રજાપતિ સમાજ ૧૦૦ વર્ષ જૂની ગુજરાતની એકમાત્ર સંસ્થા છે. આ શતાબ્દી વર્ષ હોવાથી સંસ્થાએ આ વર્ષ દરમિયાન સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત ગમત અને મહિલા સશક્તિકરણના અનેક કાર્યક્રમો ઉત્સાહભેર યોજ્યા છે. તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ શ્રી ભાગવત વિધાપીઠ, સોલા, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સંસ્થામાં ૪૫૦ વિદ્યાર્થીઓને સમાવતું કુમાર છાત્રાલય કાર્યરત છે. આ શતાબ્દી વર્ષની યાદગીરી રૂપે પ્રમુખશ્રી કેશવભાઈ એસ. પ્રજાપતિના નેતૃત્વ નીચે એક અદ્યતન કન્યા છાત્રાલયનું નિર્માણ થઈ રહ્યું છે. ૫૦૦ દીકરીઓને સમાવતા અદ્યતન કન્યા છાત્રાલયમાં લાઈબ્રેરી, ઈ-લાઈબ્રેરી, સ્માર્ટ ક્લાસ, કેફેટ એરીયા, જીમ વગેરેની વ્યવસ્થા પણ છે. દીકરીઓના આરોગ્ય માટે પણ મેડિકલ રૂમની સુવિધા ઉપલબ્ધ છે. આ કન્યા છાત્રાલયમાં વિદ્યાર્થીનીઓને રાહત દરે રહેવા-જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે તેમજ તેમની સલામતીની કાળજી રાખવામાં આવશે. છાત્રાલયથી શૈક્ષણિક સંકુલ અને યુનિવર્સિટી તદન નજીવા અંતરે છે. તેથી દીકરીઓ માટે આ છાત્રાલય રહેવાનું ઉત્તમ સ્થળ બની રહેશે. જેની ડિઝાઈન ખ્યાતનામ આર્કિટેક્ટ હર્ષદભાઈ કે. પ્રજાપતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.ગુજરાતના પ્રજાપતિ સમાજમાં સામાજિક, શૈક્ષણિક જાગૃતિ આવે અને સામાજિક સંગઠન મજબૂત બને તે હેતુથી તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ શ્રી ભાગવત વિધાપીઠ, સોલા, અમદાવાદ મહાસંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેમાં સામાજિક અને શૈક્ષણિક સુધારાના ઠરાવો પણ કરવામાં આવશે. સમગ્ર ગુજરાતના ગામેગામથી બહોળી સંખ્યામાં સમાજના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહેવાના છે. સાથે સાથે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પૂજ્ય જ્ઞાન વત્સલ સ્વામી ઉપસ્થિત રહીને માર્ગદર્શન અને આશિર્વચન આપશે.

આ અંગે સમાજના પ્રમુખ શ્રી કેશવલાલ એસ. પ્રજાપતિ, વિજયભાઈ કે. પ્રજાપતિ, પ્રો. ડૉ. જયંતીભાઈ પ્રજાપતિ, ડૉ. વિધિ એન. ઓઝા, વર્ષાબેન હારેજા, અરુણાબેન પ્રજાપતિ, વસંતભાઈ પ્રજાપતિએ સંસ્થા અને સંમેલન અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમજ કાંતિભાઈ ઓઝા (સુરત), દીપકભાઈ પ્રજાપતિ, ગંગારામભાઈ પ્રજાપતિ, કે.ડી. પ્રજાપતિ, વિઠ્ઠલભાઈ પ્રજાપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા.




તા.૧૨-૪-૨૦૨૫ શનિવાર સવારે ૯-૧૫ વાગે હનુમાન જયંતિના પવિત્ર દિવસે ×અન્નપૂર્ણારિથ×નું લોકાર્પણ સપ્રેમ સૌજન્ય રામદુલારી ગુલાંટી(જીછ)તરફથી ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ અમદાવાદની સંસ્થાને સીવીલ હોસ્પિટલ અમદાવાદ અસારવા અને સોલા ખાતે આવેલી બંન્ને હોસ્પિટલોમાં દાખલ થયેલા ૭૦૦ જેટલા દર્દી તથા તેની સાથેના સગા માટે રવિવાર સિવાય દરરોજ બપોરે ટીફીન પહોંચાડવાના ટીફીન સેવામાં કાર્યરત માનવતાવાદીના ઉમદા કાર્યમાં મદદરૂપ થવાય તેવા શુભ ઉદ્દેશ્યથી સંસ્થાના મે.ટ્રસ્ટી કલાબેન બી.વ્યાસ,ટ્રસ્ટી શારદાબેન એ.પટેલ(પૂર્વ સાંસદ મહેસાણા) પ્રમુખ સુહાસભાઈ સાહેબા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ પૂજન અર્ચનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા

## વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી ૮ કિલો ચરસના જથ્થા સાથે ઝડપાયેલ મુંબઈના દંપતિને ૧૦ વર્ષની કેદની સજા

દિલ્હીથી મુંબઈ જતી રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાંથી ૮ કિલો ચરસના જથ્થા સાથે ઝડપાયેલ મુંબઈના દંપતીને વડોદરાની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે દોષિત ઠેરવી ૧૦ વર્ષની કેદ તથા રૂપિયા એક- એક લાખનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અમદાવાદની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, ઈકબાલખાન અમીનખાન તથા સમીરાશેખ ઈકબાલખાન (બંને રહે - ઈસ્માઈલ મંઝિલ, અંધેરી ,ઈસ્ટ ,મુંબઈ) રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હોય તેમની પાસે ચરસનો જથ્થો છે. અને તેઓ દિલ્હીથી મુંબઈ જવા નીકળેલ હોય તા. ૨૩ /૧૦/૨૦૨૦ના રોજ વડોદરા રેલવે સ્ટેશન ખાતે પહોંચશે. ટ્રેન વડોદરા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૧ ઉપર પહોંચતા વોચમાં ગોઠવાયેલ પોલીસની ટીમે બાતમી મુજબના બંને શખ્સોને ઝડપી પાડી તેઓની પાસે રહેલ બેગમાંથી ચરસનો જથ્થો કબ્જે કર્યો હતો.

## તારીખ ૨૧ એપ્રિલથી લઈને ૩૦ એપ્રિલ સુધી યુવા કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉમેદવારી પત્ર ભરી શકશે

ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત રાજ્યમાં યુથ કોંગ્રેસ દ્વારા વિધાનસભા,તાલુકા, જિલ્લા અને રાજયસ્તરે મેમ્બરશીપ લોન્ચ કરીને પૂર્ણ રીતે આંતરિક ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે.




ગુજરાત રાજ્યમાં યુવા કોંગ્રેસની સંગઠનાત્મક ચૂંટણીની જાહેરાત કરતા સજ્જાદ તાંરીખએ જણાવ્યું હતું કે ગુજરાતમાં યુવા કોંગ્રેસ ચૂંટણી પ્રકિયામાં સદસ્યતા અભિયાનની શરૂઆત કરવામાં આવનાર છે અને તેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાય તે માટે આહવાન કર્યું હતું.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે યુવા કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં મેમ્બરશીપ ઓનલાઈન કરવામાં આવશે અને તાલુકા, વિધાનસભા, જિલ્લા અને રાજયસ્તરે મેમ્બરશીપની શરૂઆત કરીને યુવાનોને જોડવાનું કામ કરવામાં આવશે. આ યુવા કોંગ્રેસની ચૂંટણી પ્રકિયામાં ૧૮ થી ૩૫ વર્ષની વયના યુવાનો નોમિનેશન કરી શકશે. આ યુથ કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં પોતાની ઉમેદવારી એપ્રિલ મહિનાની ૨૧ તારીખથી ૩૦ તારીખ સુધી નોંધાવી શકશે. ત્યાર બાદ મેમ્બરશીપની શરૂઆત કરવામાં આવશે પણ તેની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય મંત્રી શશીસિંહ અને ભારતીય યુવા કોંગ્રેસના ઈલેક્શન કમિશનના સભ્યો હાજર રહ્યા હતા.

## ભાજપનું "ગાંવ ચલો - બસ્તી ચલો" અભિયાનઃ ધારાસભ્ય સહિત ભાજપ સંગઠન અને ચુંટાયેલા સભ્યોની વિવિધ યોજનાના લાભાર્થીઓ, આંગણવાડી, હેલ્થ સેન્ટરની મુલાકાત





ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન અને પ્રદેશ ભાજપની કાર્યયોજના અનુસાર ભાજપના "ગાંવ ચલો - બસ્તી ચલો" અભિયાન અંતર્ગત ધારાસભ્ય રીટાબેન પટેલે સેક્ટર-૨૪ ખાતે આંગણવાડી કેન્દ્ર,ઁઉંઝ સેન્ટરની મુલાકાત લઈ સ્થાનિક લોકો સાથે સંવાદ સાધ્યો હતો તેમજ સેવા વસ્તીની મુલાકાત કરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સૂકાન હેઠળની રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી અને લોકઉપયોગી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં સમાવિષ્ટ ગાંધીનગર મહાનગરના તમામ વોર્ડ તેમજ નવ ગામમાં ભાજપા સંગઠન તેમજ ચુંટાયેલા કાર્યકર્તાઓ "ગાંવ ચલો - બસ્તી ચલો" અભિયાનમાં જોડાયા હતાં અને સેવા વસ્તીમાં જઈ લાભાર્થી સંવાદ તેમજ આંગણવાડી, હેલ્થ સેન્ટરની મુલાકાત કરી હતી તેમજ સ્થાનિક સામાજીક અગ્રણીશ્રીઓ સાથે ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓએ ગોષ્ઠિ કરી હતી. સૌ કાર્યકર્તાઓએ વિવિધ સ્થાનોએ સ્વચ્છતા અભિયાન થકી શ્રમદાન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.